# Telephonic conversation between Prime Minister and King of Bhutan

September 17, 2020

## વડાપ્રધાન અને ભૂટાનનાં રાજા વચ્ચે ટેલીફોન પર વાતચીત

સપ્ટેમ્બર 17, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભૂટાનનાં રાજા મહામહિમ જિગ્મે ખેસાર નામગ્યેલ વાંગચુક સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

મહામહિમ રાજાએ વડાપ્રધાનને તેઓનાં 70માં જન્મદિવસનાં અવસર પર શુભેચ્છાઓ પાઠવી હતી. વડાપ્રધાને કૃતજ્ઞતાપૂર્વક શુભેચ્છાઓનું અભિવાદન કર્યું હતું અને મહામહિમ રાજા, ભૂતાનનાં ભૂતપૂર્વ રાજા, અને ભૂતાનનાં રાજવી પરિવારનાં તમામ સભ્યોને શુભકામનાઓ પાઠવી હતી.

નેતાઓએ પડોશીઓ અને મીત્રો તરીકે ભારત અને ભૂટાનને બાંધતા વિશ્વાસ અને સ્નેહનાં અનન્ય જોડાણો વિશે વાત કરી હતી. વડાપ્રધાને આ વિશેષ મૈત્રીનું પોષણ કરવામાં ભૂટાનનાં રાજા દ્વારા ભજવવામાં આવેલી માર્ગદર્શક ભૂમિકા માટે આભાર વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાને કિંગ્ડમ ઑફ નેપાળમાં કોવિડ-19 મહામારીનાં અસરકારક વ્યવસ્થાપન માટે પ્રશંસા કરી હતી અને આ સંદર્ભમાં ભૂટાનને તમામ આવશ્યક સહાયતા પ્રદાન કરવાની ભારતની તત્પરતા અંગે નેપાળનાં મહામહિમ રાજાને ખાતરી આપી હતી.

વડાપ્રધાને પરસ્પર સાનુકૂળ તારીખે નેપાળનાં મહામહિમ રાજા અને તેનાં પરિવારને ભારતમાં સત્કાર કરવાની આતુરતા પાઠવી હતી.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 17, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.